આરસીસી રોડ તોડવો ન પડે તે માટે કર્મચારીઓએ ત્રણ ફૂટ જેટલું ઊંડો ખાડો ખોદી નાખ્યો

# ભરશિયાળે લોકોના પાણી માટે વલખાં

**ટેકનિકલ** સમજના અભાવે પાલિકા માત્ર ખાડા ખોદ્યા સિવાય કોઈ ઉકેલ લાવી શકી નહીં

**ભંગાણ** પડેલી પાઈપલાઈનને શોધવામાં ૪ દિવસથી પાલિકાના ફાંફા

વલસાડ : વલસાડ નગરપાલિકાના વોર્ડ નં.૨ માં સમાવિષ્ટ વલસાડ પારડી વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. અંડરગ્રાઉન્ડ પાઈપ લાઈનમાં ભંગાણ સર્જાતા ૧૫થી વધુ ઘરના પરિવારજનો પાણી વગર ટળવળી રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, પાલિકાની ટીમ ફોલ્ટ શોધવા માટે પહોંચી તો ખરી, પણ ટેક્નિકલ સમજના અભાવે માત્ર ખાડા ખોદવા સિવાય કોઈ ઉકેલ લાવી શકી નથી.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, વલસાડ નગર પાલિકા વોર્ડ નં.2 માં વલસાડ પારડી વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી પાણીનો પુરવઠો ખોરવાયો છે. પાઈપલાઈન તૂટી ગઈ હોવાની ફરિયાદ બાદ આજે નગરપાલિકાની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આરસીસી રોડ તોડવો ન પડે તે માટે પાલિકાના કર્મચારીઓએ ત્રણ ફૂટ જેટલું ઉંડુ



ભોંયરું (ખાડો) ખોદી નાખ્યું હતું. કલાકો સુધી ખોદકામ કરવા છતાં અને રસ્તાની હાલત બગાડવા છતાં, પણ પાલિકાની ટીમ ફોલ્ટ શોધવામાં નિષ્ફળ રહી હતી કે મુખ્ય પાઈપલાઈન ક્યાં આવેલી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

એક તરફ પાણી નથી અને બીજી તરફ પાલિકા આડેધડ ખોદકામ કરી રહી છે. નકશા કે ટેક્નિકલ જાણકારી વગર કામ થતું હોવાથી મુશ્કેલીઓ વધી રહી છે. ભરશિયાળે પાણી માટે વલખાં મારતા ૧૫ થી વધુ પરિવારો અત્યારે વૈકલ્પિક વ્યવસ્થા પર નિર્ભર છે. પાલિકાની આ નબળી કામગીરી અને પાઈપલાઈન શોધવામાં મળેલી નિષ્ફળતાએ તંત્રની પોલ ખોલી નાખી છે. હવે જોવાનું એ રહે છે કે, પાલિકા ક્યારે આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવે છે...?

## આંતલીયાના કેથોલિક ચર્ચમાં ક્રિસમસની રોશનીનો ઝગમગાટ




બીલીમોરા : બીલીમોરા નજીક આંતલીયા-ઉંડાચના કેથોલિક ચર્ચમાં ક્રિસમસ, પ્રભુ ઈસુ જન્મ નાતાલ પર્વની પૂર્વ સંધ્યાએ રોશનીનો ઝગમગાટ જોવાયો હતો. ફાધર રોબર્ટ મચાડોએ મેરી ક્રિસમસની શુભેચ્છા સાથે પ્રભુ ઈશુના સંદેશા ઉપદેશોની સમજણ આપી પ્રેમ, દયા, કરુણા, ક્ષમાનો સંદેશો પાઠવ્યો હતો. વિશ્વને સત્ય, સદભાવના, પ્રેમ, ભાઈચારા, કરુણા અને ક્ષમાનો સંદેશો આપનાર પ્રભુ ઇસુના જન્મ દિન ક્રિસમસની ઉજવણી હાથ ધરાઈ હતી. કેથોલિક સમાજના મુખ્ય સભ્યો પેરીશ કાઉન્સિલ મેમ્બરો પૈકી માઇકલ રીબેલો, શિવાજી સિંધિપૂરમ, મિ. પિન્ટોભાઈએ વીતેલા સપ્તાહથી ભારે જહેમત ઊઠાવી હતી. ચર્ચના દર્શનાર્થે સેંકડો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

ડાંગ જિ. પં. પ્રમુખનાં મત વિસ્તારમાં શિક્ષણ વ્યવસ્થા રામભરોસે

# ડાંગ જિલ્લામાં ૧૪૧ બાળકો વચ્ચે માત્ર ૨ શિક્ષક!

**'કન્યા** કેળવણી' અને 'શાળા પ્રવેશોત્સવ' જેવા મસમોટા અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો

**જે** નેતાના શિરે આખા જિલ્લાના વિકાસની જવાબદારી તેમના જ મત વિસ્તારની શાળામાં શિક્ષણ વ્યવસ્થા વેન્ટિલેટર પર




### ભૌતિક સુવિધાઓની સ્થિતિ પણ દયનીય

શિક્ષણની સાથે ભૌતિક સુવિધાઓની સ્થિતિ પણ દયનીય છે. શાળામાં નવા બાંધકામ માટે બે જૂના ઓરડા તોડી નાખવામાં આવ્યા છે, જેના કારણે બાળકોને બેસવા માટે પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ શિક્ષકોની અછત અને બીજી તરફ અપૂરતી જગ્યા, આ બંને વચ્ચે વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય બની રહ્યું છે. સ્થાનિક ગ્રામજનો અને વાલીઓમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વાલીઓનું કહેવું છે કે, શિક્ષકોની સતત ગેરહાજરીને કારણે બાળકોનું ભણતર બગડી રહ્યું છે, છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવતી નથી.

સાપુતારા : ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે 'કન્યા કેળવણી' અને 'શાળા પ્રવેશોત્સવ' જેવા મસમોટા અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના દગડીઆંબા પ્રાથમિક શાળામાં શિક્ષણની કથળતી સ્થિતિ જોઈને સવાલ થાય છે કે શું આદિવાસી બાળકોના ભવિષ્યની કોઈને ચિંતા છે? ચોંકાવનારી બાબત એ છે કે આ દગડીઆંબા ગામ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખનો મત વિસ્તાર ગણાય છે. જે નેતાના શિરે આખા જિલ્લાના વિકાસની જવાબદારી હોય, તેમના જ મત વિસ્તારમાં આવેલી શાળામાં શિક્ષણ વ્યવસ્થા વેન્ટિલેટર પર હોય તે અત્યંત શરમજનક બાબત છે. દગડીઆંબા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮માં કુલ ૧૪૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. નિયમ મુજબ અહીં પૂરતા શિક્ષકો હોવા જોઈએ, પરંતુ વાસ્તવિકતા અહીં વેગળી જ જોવા મળી રહી છે. કારણકે અહીં ૬ શિક્ષકો માટેનું મહેકમ મંજૂર થયેલું છે અને હાજર માત્ર ૦૨ શિક્ષકો જ છે. મુખ્ય શિક્ષક (આચાર્ય) પણ વારંવાર ગેરહાજર રહેતા હોવાના સ્થાનિકો દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. માત્ર બે શિક્ષકો દ્વારા ૧ થી ૮ ધોરણના ૧૪૧ વિદ્યાર્થીઓને કેવી રીતે ભણાવવા?

# નવનિર્મિત નાનાપોંઢા તા.પં.નું એકાઉન્ટ હજુ બનાવાયું નથી

**કપરાડા** તા.પં. ની સામાન્ય સભા ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય, શાળાની તૂટેલી પ્રોટેક્શન વોલ, મનરેગા ગ્રાન્ટ મુદ્દે ચર્ચાસ્પદ બની

**શાળાની** દિવાલ તૂટી નહેરમાં પડી જતા બાળકોની સુરક્ષા સામે જોખમ ઊભું થયું



વલસાડ : કપરાડા તાલુકા પંચાયતની સંભવત અંતિમ સામાન્ય સભામાં ફરી ગ્રાન્ટ ફાળવણીમાં અન્યાય, શાળાની તૂટેલી પ્રોટેક્શન વોલ, મનરેગા ગ્રાન્ટ આશ્રમ શાળાઓને ફાળવવા, તા.પં.ની ગ્રાન્ટ આશ્રમશાળાઓને ફાળવણી કરવા સહિતના મુદ્દે ચર્ચાસ્પદ બની હતી. નાનાપોંઢા નવો તાલુકો બનતા હવે બંને તાલુકાની ગ્રાન્ટ પણ અલગ થશે, જોકે હજુ નવનિર્મિત નાનાપોંઢા તાલુકા પંચાયતનું એકાઉન્ટ બનાવ્યું ન હોવાનું પણ સભામાં ચર્ચાયું હતું.

સુત્રોના જણાવ્યા મુજબ કપરાડા તા.પં.ના પ્રમુખ હીરાબેન માહલાની અધ્યક્ષતામાં યોજાયેલી સભામાં ભાજપ શાસિત તા.પં. માં સભ્યોને ગ્રાન્ટની ફાળવણીમાં અન્યાય થતો હોવાના આક્ષેપ કોંગ્રેસના સભ્ય કુંજાલી પટેલે કર્યા હતા, તેમણે સુખાલા કુકન ફળિયા ખાતે પ્રાથમિક શાળાની દીવાલ તૂટી નહેરમાં પડી જતા બાળકોની સુરક્ષા સામે જોખમ ઉભું થયું છે. ગત સભામાં રજૂઆત કરાઇ હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. જેને લઇ બાળકોની સુરક્ષા સામે જોખમ ઉભું થયું છે. આ મુદ્દે ચાલુ સામાન્ય સભામાં જ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. જેને કારણે થોડા સમય સુધી સામાન્ય સભામાં માહોલ ગરમાયો હતો. વિરોધ પક્ષના સભ્યોએ તાલુકા પંચાયતની ગ્રાન્ટની વહેંચણી સરખા ભાગે કરી અને વિરોધ પક્ષોના સભ્યોને અન્યાય ન થાય તેવી માંગ કરી હતી. તા. પં.ના પ્રમુખે વિરોધ પક્ષના સભ્યો દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને નકાર્યા હતા અને તા.પં.ની ગ્રાન્ટની ફાળવણી તમામ સભ્યોને સરખા ભાગે જ થતી હોવાનો દાવો કર્યો હતો. વિરોધપક્ષ નેતા ઈશ્વર તુંમડાએ મનરેગા યોજનાનું નામ બદલવા અંગે આક્રોશ વ્યક્ત કરવા સાથે નવા નામની યોજનામાં અનેક વિસંગતતા હોવાનું જણાવ્યું હતું. સત્તાધારી સભ્યો સાથે વિરોધ પક્ષના સભ્યોએ પણ ગ્રામપંચાયતોની અધૂરા મકાનો પૂર્ણ કરવા તાલુકાની ગ્રાન્ટ ફાળવવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. આ સભામાં તાલુકા વિકાસ અધિકારી સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપી આર. કે. દેસાઈ કોલેજમાં સેલ્ફ ડિફેન્સ તાલીમનું આયોજન




વાપી : આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસ, વાપીમાં ABVP દ્વારા વિદ્યાર્થિનીઓ માટે સેલ્ફ ડિફેન્સ તાલીમનું આયોજન કરાયું હતું. જેમાં ટ્રેનર તરીકે આકાશ તેમજ પરિતા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ કોઈપણ પ્રકારની આપત્તી સામે રક્ષણ મેળવી શકે એ હેતુથી સ્વ- રક્ષણ તાલીમ આપવાનો નિર્ણય કર્યો હતો. શિક્ષણ પરિષદના નેજા હેઠળ વિદ્યાર્થિનીઓને તાલીમ મળતા તેમના આત્મ વિશ્વાસમા વધારો થશે તેમજ વિદ્યાર્થિનીઓને હિંમત મળશે. કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહે પણ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરતા કહ્યું હતું કે આત્મરક્ષા એજ શિક્ષા થકી આવી તાલીમ વિદ્યાર્થિનીઓને નિયમિત મળતી રહે તો ચોક્કસ હમ કિસી સે કમ નહીં ની પ્રતીતિ વિદ્યાર્થિનીઓ કરાવવા કટિબંધ બનશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીસીએ વિભાગના હેડ પ્રા.નેહા પટેલે કર્યું હતું. તાલીમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા આર.કે.દેસાઈ પરિવાર ના સમગ્ર વિભાગના આચાર્યોઓ તેમજ અધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

### મહુવાસની શ્રી સત્ય સાંઈ સ્કૂલમાં વાર્ષિક દિનની ઉજવણી




વાંસદા : વાંસદા તાલુકાના મહુવાસ ગામે આવેલી શિવમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સત્ય સાંઈ સ્કુલ ઓફ નર્સિંગ અને શ્રી સત્ય સાંઈ શાળા પરિવાર દ્વારા વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત સમારંભના અધ્યક્ષ જીગ્નેશ દેસાઈ -કો ફાઉન્ડર એન. જે. ગ્રુપ-નવસારી તથા ઉદ્ઘાટક તરીકે એલ.સી.પટેલ -પૂર્વ વિકાસ કમિશનર તેમજ વાંસદા પ્રાંત અધિકારી ભાર્ગવ માહલાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી ડો. કમલેશ ઠાકોર તથા શાળાના એડવાઈઝર કમિટીના ચેરમેન પ્રકાશ નાયક અને કેમ્પસ ડાયરેક્ટર દિશાંત ઠાકોરે મહેમાનોનું સ્વાગત કરી ભગવાન શ્રીરામની મૂર્તિ આપી અભિવાદન કર્યું હતુ. એફ.આર.સી કમિટી સુરતના અભિજીતસિંહ સોલંકી, વાંસદાના પીઆઈ એન.એમ આહીર, નાયક પૂર્વ પ્રિન્સિપાલ બી.એડ કોલેજ બીલીમોરા, વાંસદાના પૂર્વ પ્રિન્સિપલ મગન પટેલ, ડો. ઠાકોર સિંહ પરમાર બેંક મેનેજર, પરિમલ પરમાર-શાંતાબા વિદ્યાલય કુકેરી, મહુવાસ ગામના સરપંચ મહેશ ગામીત, ડે. સરપંચ જયેશ પટેલ તેમજ વિવિધ શાળાના આચાર્ય તથા વાલી મિત્રોની ઉપસ્થિતિમાં શાળા દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરે તેવા નાટકો-નૃત્ય અને પ્રદર્શન રજૂ કર્યા હતા.

### પારડી હાઇવે ક્રોસ કરતાં રાહદારીનું બુલેટ અડફેટે મોત




પારડી: પારડી નેહા.નં. 48 વલસાડીઝાંપા બ્રિજ પર બુધવારે હનુમાન ડુંગરી જકાતનાકા ખાતે રહેતા રોહિત વેસ્તા પટેલ (ઉં.વ.55) રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન પરિમલ નરેન્દ્ર પટેલ (રહે., ચીખલી) પોતાની બુલેટ બાઈક પૂરઝડપે હંકારી લાવી રાહદારીને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેની જાણ થતા આસપાસના લોકો દોડી આવી 108 એમ્બ્યુલન્સ મારફતે રાહદારીને પારડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા રોહિતભાઈને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતું. હતા. પારડી પોલીસ મથકે મૃતકના સંબંધી દિવ્યેશ પટેલે પરિમલ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

### ભીલાડની ગુમ બે કીશોરી મુંબઈથી મળી

ઉમરગામ : ભીલાડ વિસ્તારની ગુમ બે બાળ કીશોરીઓને મુંબઈ માટુંગાથી શોધી કાઢી પરિવાર સાથે પોલીસે મિલન કરાવતા પરિવાર જનોએ હાશકારો અનુભવ્યો હતો. ઉમરગામ તાલુકાના ભીલાડ વિસ્તારમાંથી બે સગીરા તારીખ 20/12/2025 ના રોજ સવારે 10:00 વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલી ગઇ હતી. જેથી ચિંતાતુર પરિવારજનોએ આ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે ગુમ અપહરણનો ગુનો નોંધી ગુનાની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓનું માર્ગદર્શન મેળવી ભીલાડ પોલીસ સ્ટેશનના પીઆઇ એસએસ પવાર તથા પીએસઆઇ જે એસ રબારી અને તેમની ટીમે બાળકીશોરીઓને શોધી કાઢવા જુદી જુદી ટીમો બનાવી ટેકનીકલ એનાલિસિસના આધારે ભીલાડથી મુંબઈ સુધીના જુદા જુદા રેલવે સ્ટેશનોના આશરે 50 થી પણ વધુ કેમેરાઓ ચેક કરી મુંબઈ માટુંગા મુંબઈ શહેરમાંથી આ બંને ગુમ સગીરવયની બાળકીશોરીઓને શોધી કાઢી હતી અને પરિવારને જાણ કરી પુન:મિલન કરાવી પ્રશંસનીય કામગીરી કરી હતી.




# પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉમરગામ તા.પં.ની જમીનની માપણી હાથ ધરવામાં આવી

**તત્કાલિન** તા.પંચાયત પ્રમુખે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં જમીનમા દબાણ અંગે પ્રશ્ન ઉપસ્થિત કરી માપણીની માંગ કરી હતી


ઉમરગામ : ઉમરગામ તાલુકા પંચાયત કચેરી પબ્લિક વર્કર ડિપાર્ટમેન્ટના નામે ચાલતી સરકારી જમીનની માપણી હાથ ધરવામાં આવી હતી. આ જમીનમાં દબાણ હોવાની અને માપણી કરવાની માંગણી કરવામાં આવી હતી.

ઉમરગામ તાલુકા પંચાયતના તત્કાલિન પ્રમુખ રમેશભાઈ વેસ્તાભાઈ ધાંગડાએ તાલુકા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં તથા રાજ્યના મુખ્યમંત્રીને એવી રજૂઆત કરી હતી કે ઉમરગામ તાલુકા પંચાયત કચેરી વર્કર ડિપાર્ટમેન્ટના નામે ખાતા નંબર 496 સરવે નંબર 43 જુનો સરવે નંબર 262/અ/1/1 પૈકી 3 કુલ ક્ષેત્રફળ 0-89-70 ચો.મીટરવાળી જગ્યામાં ત્રાહિત વ્યક્તિઓ દ્વારા ગેરકાયદે દબાણ કરવામાં આવેલું છે. જેથી આ જમીનની તાત્કાલિક માપણી કરવામાં આવે અને દબાણ દૂર કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

જે અંતર્ગત બુધવારે જમીન માપણી અધિકારીઓની ટીમ દ્વારા તાલુકા પંચાયત કચેરીના અધિકારી તથા પ્રમુખ લલીતાબેન અને ફરિયાદ કરનાર તત્કાલિન પ્રમુખ રમેશભાઈ ધાંગડા તથા મામલતદર કચેરીના અધિકારી સ્ટાફની ઉપસ્થિતિમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે જમીનની માપણી હાથ ધરવામાં આવી હતી.

હાલ તો ખુલ્લી જગ્યાની માપણી કરવામાં આવી હતી. હવે ખરેખર કેટલી જગ્યા ઘટ પડે છે અને તેમાં કોનું દબાણ છે તે નક્કી કરવામાં આવશે. આગામી દિવસોમાં ચુના માર્કિંગ કરવામાં આવશે એવું સૂત્ર પાસેથી જાણવા મળ્યું છે.

## સાપુતારામાં તા. ૨૫ થી ૩૧ સુધી વિન્ટર ફેસ્ટિવલનું આયોજન




સાપુતારા : પ્રવાસીઓને સાપુતારાનાં કુદરતી સૌંદર્યની સાથે મનોરંજનનો આસ્વાદ પણ મળી રહે તે હેતુથી તંત્ર દ્વારા વિન્ટર ફેસ્ટિવલનું સુચારૂ આયોજન હાથ ધરાયુ છે. તંત્ર નોટીફાઇડ એરીયા દ્વારા તારીખ ૨૫ થી ૩૧ ડિસેમ્બર સુધી વિન્ટર ફેસ્ટિવલ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યુ છે. તારીખ ૨૫ ડિસેમ્બરે સાંજે ૬ કલાકે સાપુતારા ખાતે મંત્રી ડો. જયરામ ગાવિતના હસ્તે વિન્ટર ફેસ્ટિવલને ખુલ્લો મુકવામાં આવશે. મુખ્ય મહેમાન તરીકે સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય વિજય પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ નિર્મળા ગાઇન, તેમજ કલેક્ટર શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ. વસાવા, પોલીસ અધિક્ષક પૂજા યાદવ સહિતના અધિકારીઓ/પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## દહાણું-વડોદરા એક્સપ્રેસની અડફેટે અજાણ્યા ઈસમનું મોત

વાપી : વાપી રેલવે પોલીસની હદમાં આવતા ભીલાડ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં. 1 પર મંગળવારે સાંજે ટ્રેન નં. 22929 દહાણું-વડોદરા એક્સપ્રેસની નીચેથી એક અજાણ્યો 50 વર્ષીય ઈસમ લાઈન ક્રોસ કરી જતો હતો, તે દરમિયાન ટ્રેન ચાલુ થઈ જતા પેટના ભાગેથી કપાઈ જતા ગંભીર ઈજાને લઈ ઘટના સ્થળે જ મોતને ભેટ્યો હતો. ઘટનાની જાણ વાપી રેલવે પોલીસને થતાં લાશનો કબજો મેળવી પોલીસ દફતરે નોંધ કરી તપાસ હાથ ધરી છે.

# વાપીના ૨૦૮ દુકાનદારોને ન્યાય મળ્યો

**મુખ્યમંત્રીનો** સ્વાગત કાર્યક્રમ મહેસૂલ વિભાગમાં સીમાચિહ્ન રૂપ બન્યો

વાપી : વાપી જીઆઈડીસીમાં ગીરનાર ખુશ્બુ પ્લાઝા કોમર્શિયલ કો.ઓ.હા.સર્વિસ સોસાયટીની પ્રોપર્ટીને ઉદ્યોગથી વ્યાપાર ઉપયોગમાં ફેરફાર કરવા માટે મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમ હેઠળ રજૂઆત બાદ કોમર્શિયલ પ્રોપર્ટીને માન્ય રાખતા જીઆઈડીસી દ્વારા પ્રોવિઝનલ ઓર્ડર આપતા ૨૦૮ જેટલા દુકાનદારોને રાહત થઈ છે.

વાપી જીઆઈડીસીમાં પ્લોટ નં. ૨૦૯માં ગીરનાર ખુશ્બુ પ્લાઝા કોમર્શિયલ કો.ઓ.હા.સર્વિસ સોસાયટી પ્રોપર્ટીના પ્રેસિડેન્ટ નિમેષભાઈ પટેલના જણાવ્યાં પ્રમાણે આ પ્રોપર્ટીને ઉદ્યોગથી વ્યાપાર ઉપયોગમાં ફેરફાર કરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે ટ્રાન્સફર ઓર્ડર વાપીની જીઆઈડીસી કચેરી દ્વારા આપવામાં આવ્યો હતો. તા. ૦૪/૧૨/૨૦૧૩ના રોજ બિલ્ડિંગ પૂર્ણતા પ્રમાણપત્ર આપવામાં આવ્યુ હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૩ થી ૨૦૨૪ દરમિયાન ડેવલપર્સ દ્વારા ૨૦૮ જેટલી દુકાનોનું વેચાણ કરવામાં આવ્યું અને દુકાનદાર- વેપારીઓએ પોતાના ધંધા રોજગાર શરૂ કરવા માંડ્યા હતા. વર્ષ ૨૦૧૯માં ૨૦૮ ખરીદદારોએ સોસાયટીનું નિર્માણ કરી તબદીલ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. જે માટે વર્ષ ૨૦૨૩માં તબદીલ માટે પ્રથમવાર અરજી કરી હતી જે જીઆઈડીસીએ કોઈ સ્પષ્ટ કારણ વગર નામંજૂર કરી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૨૪માં બીજી વાર ટ્રાન્સફર અરજી કરી હતી જે ફેબ્રુઆરી ૨૦૨૫માં તમારી પ્રોપર્ટી નીતિ નિયમો સાથે સુસંગત નથી એવુ કારણ આપી અરજી રદ કરી હતી. જેથી જીઆઈડીસીના વી.સી.એમ.ડી. ને રજૂઆત કરી કે, આ અમારી કોમર્શિયલ પ્રોપર્ટી છે. ફાઈનલ ઓર્ડર આપની જીઆઈડીસી કચેરી દ્વારા જ આપવામાં આવ્યો હતો તે અંતર્ગત કરેલી કાર્યવાહીના પુરાવા રજૂ કર્યા હતા તેમ છતાં જીઆઈડીસીએ ફાઈનલ ટ્રાન્સફર ઓર્ડરને નકાર્યો હતો. જેથી ૨૦૮ જેટલા દુકાનદારોમાં ચિંતા મુકાતા અમે મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમ હેઠળ રજૂઆત કરતાં મુખ્યમંત્રીએ અમારી રજૂઆતોને સાંભળી અધિકારીઓને બોલાવી નિર્ણય આપતા જણાવ્યું હતું જે સંદર્ભે જીઆઈડીસી દ્વારા પ્રોવિઝનલ ઓર્ડર આપતા જે ફી ભરવાની હતી તે પણ ભરી દેતા સોસાયટીના તમામ સભાસદોને રાહત થઈ છે.